



શહેરમાં શિયાળાની ઋતુ પ્રારંભ થઈ હોય તેવો માહોલ વાતાવરણમાં અનુભવાતા જ મોર્નિંગ વોકર્સ અને જોગર્સની સંખ્યામાં ખુબ વધારો થવા પામ્યો છે. વળી કોરોના મહામારીના કારણે પણ યોગ-પ્રાણાયામ-વ્યાયામનું ચલણ વધ્યું હોવાથી શહેરના બાગ બગીચાઓમાં ખાસ કરીને સ્વર્ણિમ પાર્ક સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં મોટી સંખ્યામાં બાળકોથી માંડીને તમામ વયના નાગરિકો પોતાના સ્વાસ્થ્યની દરકાર કરતાં જોવા મળી રહ્યા છે.

# શહેરમાં કોરોના સંદર્ભે લોકજાગૃતિ માટે સાયકલ રેલી

## ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર, એન.ડી.આર.એફ. અને જી.એસ.ડી.એમ.એ.ના સંયુક્તે ઉપક્રમે કોરોનાથી સંક્રમિત થતાં બચવા અંગેની લોક જાગૃત્તિ આપતી સાયકલ રેલી યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર, નિવાસી કલેકટર એચ.એમ. જાડેજાના હસ્તે લીલી ઝંડી આપી કલેકટર કચેરી સંકુલ ખાતેથી જવાનો અને નાગરિકોને કોરોના મહાબિમારીથી બચવા માટેની તકેદારી અંગેની પ્રતિજ્ઞા લેવડાવી અંતર જાળવવાની અને અન્ય તકેદારીની જાગૃત્તિ આપવાનો છે.

કોરોનાથી બચવા માટેની લોક જાગૃત્તિ સંદેશો આ રીતે આપવામાં આવી રહ્યો છે. આજે પ્રસ્થાન કરીને એસ.ટી.ડેપો, સેકટર-૧૧, પંચદેવ મંદિર થઈ સેકટર-૨૧ શાકમાર્કેટમાં ગઈ અંગેની અપીલ કરતા હતા. સેકટર-૨૧ ખાતેના શાકમાર્કેટથી આ રેલી અક્ષરધામ મંદિર





એન.ડી.આર.એફ. અને જી.એસ.ડી.એમ.એ. ના સંયુક્ત ઉપક્રમે આજરોજ કોવિડ-૧૯ અંગેની લોકજાગૃત્તિ અર્થે સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાયકલ રેલીને જિલ્લાના અધિક પ્રસ્થાન કરાવી હતી. આ સાયકલ રેલી ગાંધીનગરના વિવિધ વિસ્તારમાં ફરી હતી. તેનું સમાપન અક્ષરધામ મંદિર ખાતે થયું હતું.

રેલીના આરંભે સર્વે ઉપસ્થિતિ એન.ડી.આર.એફ. અધિક કલેકટર એચ.એમ. જાડેજાએ જણાવ્યું હતું કે આ રેલી યોજવા પાછળનો ઉમદા આશય લોકોમાં કોરોનાની મહાબિમારીથી બચવા માટે જાહેર સ્થળો પર માસ્ક ફરિજીયાત પેહેરવું, સામાજિક

એન.ડી.આર.એફ.ના ઉપકમાન્ડેન્ટ રણવિજયકુમારે જણાવ્યું હતું કે ભારત દેશમાં કોરોનાના ત્રણ જ કેસો હતા ત્યારથી એન.ડી.આર.એફ. દ્વારા વિવિધ રાજયોના સ્થાનિક વહીવટીતંત્રના સહકાર થકી ગાંધીનગર ખાતે યોજાયેલ આ જાગૃત્તિ રેલીમાં એન.ડી.આર.એફ.ના ૧૦૦ જેટલા જવાનો અને અન્ય નાગરિકો જોડાયા છે.

ગાંધીનગર કલેકટર કચેરીથી આ સાયકલ રેલીએ હતી. આ તમામ સ્થળોએ માસ્ક વગર ફરતા અને વેપાર કરતાં સામાન્ય વ્યક્તિને માસ્ક આપીને માસ્ક કેમ પેહેરવું જરૂરી છે તેની સમજ આપી હતી તેમજ નાગરિકોને વિવિધ સ્થળો ખાતે ઉભા રહીને માસ્ક પેહરવા આગળ પૂર્ણ થઈ હતી.

આ રેલીના પ્રસ્થાન સમયે ડિઝાસ્ટર મામલતદાર રોનક કપૂર, ડી.પી.ઓ. મેધા રબારી, નાયબ મામલતદાર જીગર પરમાર સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાના બાયોલોજીસ્ટ નરેન્દ્ર પટેલ પર નાનકડી શસ્ત્રક્રિયા કરવામાં આવી છે. તેમને પાંચ ટાંકા આવ્યા છે.
- આજે આરોગ્ય વિભાગે દેશી વેકસીન કોરોના માટે આવી રહી હોવાના સંકેતો સાથે તે અંગેની તૈયારીને લઈ ખાસ વિડીયો કોન્ફરન્સ કરી.
- જિલ્લાના આરોગ્ય અધિકારીએ ઝૂમ એપ્લીકેશન દ્વારા જિલ્લાના તબીબી અધિકારીઓ સાથે ખાસ સમીક્ષા બેઠક કરી.
- ગાંધીનગર જિલ્લામાં ૭૭ હજાર જેટલા એન્ટીજન ટેસ્ટ આજ સુધીમાં કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં પુનઃ કોરોનાએ આક્રમક રૂપ દેખાડતાં લોકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે. જિલ્લામાં આજે ૩૯ કેસ નોંધાયા છે.
- રાજ્ય સરકારની કચેરીઓ દ્વારા હવે કોરોના સામેની જન જાગૃતિ અભિયાનના ભાગરૂપે માસ્ક પહેરો-સામાજિક અંતર જાળવો જેવા સૂત્રો લખી પત્રવ્યવહાર શરૂ કરાયો છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




બેટા, આ કોરોનાના સમયમાં જમીન પર રહેવામાં અમારી સેફ્ટી નથી... તું મારી અને તારી બા માટે સી પ્લેનની બે ટિકીટ લઈ લે... પછી રોપ-વે ની...

# નવા વર્ષે જાન્યુઆરી માસ ઘણો ઠંડો રહેશે

ગાંધીનગર, તા. ૨૮

ઠંડીની ધીમે ધીમે શરૂઆત થઈ રહી છે ત્યારે આગામી દિવસોમાં ઠંડી વધી શકે છે. ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે નવેમ્બર માસની શરૂઆતથી જ ઠંડી વધશે.

હમણાં આ વખતનું ચોમાસુ ઘણુ લાંબુ ચાલ્યુ અને વરસાદે પણ પાછલા વર્ષોના રેકોર્ડ તોડ્યા છે ત્યારે હવે વાદળ, વાયુ અને ઠંડી અંગે જોઈએ તો દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશો હવે ઠંડા થતા જશે અને ઠંડી હવા દક્ષિણ તરફ ધકેલાશે. ચીની સમુદ્ર તેમજ પેસીફિક મહાસાગરમાં પણ ચક્રવાતોનું સર્જન થતાં બંગાળના ઉપસાગરમાં પણ ચક્રવાતો વધશે અને કેટલાક ચક્રવાતો મારફાડ પણ બની શકે. હમણાં ઠંડીનું હવામાન ધીમે ધીમે થતુ જશે અને સવારના પહોરમાં ઠંડીનો ચમકારો પણ થતો જણાશે. તા. ૭ નવેમ્બર આસપાસ પરોઢીયે ઠંડીનો ચમકારો રહે અને ધીરે ધીરે ચમકારો વધતાં તા. ૧૯ અને ૨૦ નવેમ્બરમાં ઠંડીનો ચમકારો વધુ વધે. નવેમ્બર માસ દરમ્યાન ન્યુનત્તમ તાપમાન ઉત્તર-મધ્ય ગુજરાતમાં ૧૬ ડિગ્રી આસપાસ થતુ જશે. રાજકોટ, ભાવનગર, જૂનાગઢ અને અમરેલીના ભાગોમાં પણ ન્યુનત્તમ તાપમાન ૧૬ ડિગ્રી સેલ્સીયસ આસપાસ થવાની શક્યતા છે અને દિવાળીની આસપાસ વાદળો સાથે નવેમ્બર તા. ૭ આસપાસમાં વાદળવાયુ રહે. ડિસેમ્બર તા. ૪ થી ઠંડી વધે અને ન્યુનત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સીયસ આસપાસ રહેવાની શક્યતા રહે. તા. ૧૦ થી ૧૪ દરમ્યાન વાદળવાયુ રહે. તા. ૧૫ થી ૧૭ માં ક્યાંક ક્યાંક માવઠુ થવાની પણ શક્યતા રહે. તા. ૧૭ અને ૧૮ ડિસેમ્બરમાં પણ ઠંડીનું જોર રહે. જ્યારે તા. ૨૨ ડિસેમ્બરથી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થાય જેના લીધે ગાત્રો થીજવતી ઠંડી પડે. તા. ૨૯ ડિસેમ્બરથી ઠંડીનો ચમકારો વધે. તા. ૪ જાન્યુઆરીથી ઠંડી વધુ વધે અને ૨૦૨૧ નો જાન્યુઆરી માસ ઘણો ઠંડો રહે જેમાં આબુના ભાગો ઠંડાગાર બની જાય. ઉત્તર ગુજરાતના અરવલ્લી, સાબરકાંઠાના ભાગો, દાંતાના ભાગો, મહેસાણા, પાટણ, સમી, હારીજ, બેચરાજીના ભાગોમાં સખત ઠંડી વરતાય. ઉત્તરાયણ ઉપર પણ ઠંડી રહે. તા. ૨૭મી જાન્યુઆરીથી કાતીલ ઠંડીને વેગ મળે જેમાં ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં કાતીલ ઠંડી પડે.

મધ્ય ગુજરાતના ભાગોમાં પણ કાતીલ ઠંડી પડે. ન્યુનત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની શક્યતા છે. કચ્છના ભાગોમાં પણ સખત ઠંડી પડે. આણંદ, વડોદરા, અમદાવાદના ભાગો સખત ઠંડી પડે. વલસાડના ભાગોમાં પણ સખત ઠંડી પડે. જૂનાગઢ, ભાવનગર, અમરેલી, રાજકોટ, ભાલ, સુરેન્દ્રનગરના ભાગોમાં સખત ઠંડી પડે. ગીરનારના ભાગોમાં પણ સખત ઠંડી પડે. ઠંડીનો સ્ત્રોત ફેબ્રુઆરી માસમાં પણ રહે. આ અરસામાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષા થાય જેના લીધે દેશના ભાગોમાં સુસવાટાભર્યા પવનો ફુંકાય. ડિસેમ્બર ૨૦૨૦માં દિલ્હી, પંજાબ, હરીયાણા, રાજસ્થાનના ભાગોમાં હવામાન ધુંધળુ અને દિલ્હી વગેરે ક્ષેત્રોમાં ધુમ્મસ થાય.



## સેકટર-૬ એ ખાતે ધનવંતરી રથ દ્વારા આરોગ્ય ચકાસણી કરાઈ

શહેરના સેકટર-૬ એ ખાતે ધનવંતરી રથની ટીમ આવી પહોંચી હતી. આ ટીમ દ્વારા તમામ નાગરીકોનું ટેમ્પરેચર માપવામાં આવ્યું હતું. ત્યારબાદ જે નાગરીકોને શરદી-ખાંસી કે તાવ હોય તેની દવા આપવામાં આવી હતી. જયારે ધનવંતરી રથની આસપાસના વિસ્તારમાં કોરોના પોઝીટીવ કેસ હોય તેના પરિવારજનોનું સ્કીનીંગ પણ ટીમ દ્વારા કરવામાં આવે છે. ત્યારે સેકટર-૬ એ માતાજીના મંદિર પાસેના વસાહતીઓમાં નાના બાળકથી લઈ મોટી ઉંમરના વડીલોએ પણ આરોગ્યની ચકાસણી કરાવી હતી.

# રાંધણગેસના બાટલામાં જથ્થો ઓછો આવતો હોવાની ફરિયાદો વધી

## જે ગ્રાહકોને ૨૫ થી ૨૮ દિવસ ચાલતો હતો તેમને માત્ર ૭ થી ૧૦ દિવસ ચાલ્યો હોવાની ફરિયાદ : ગ્રાહકો-વિતરકો વચ્ચે ચડભડ : ગ્રાહકો વજન કરીને જ બાટલો સ્વીકારે તેવી વિતરકોની સલાહ

ગાંધીનગરમાં છેલ્લાં એક માસથી રાંધણગેસના બાટલામાં ગેસનો જથ્થો ઓછો આવતો હોવાની ફરિયાદો ઉઠવા પામી રહી છે. જેમાં કેટલાંક ગ્રાહકોને તો તેમની રીફીલ બોટલ જે ૨૫ થી ૨૮ દિવસ ચાલતી હતી તેના બદલે માત્ર ૭ થી ૧૦ દિવસમાં જ પુરી થઈ ગઈ હોવાના અનુભવ થવા પામ્યાં છે. આ સમસ્યાને કારણે વિતરકો અને ગ્રાહકો વચ્ચે ચડભડના બનાવો પણ બની રહ્યાં છે અને વિતરકો દ્વારા પણ ગ્રાહકોને ગેસનો બાટલો વજન કરાવીને જ સ્વીકારવા અનુરોધ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં જે વિસ્તારોમાં ગેસ પાઈપલાઈન નથી અથવા જે ગ્રાહકો પાસે ગેસ પાઈપલાઈનની સુવિધા નથી જેમાં ખાસ કરીને ભાડુઆત તરીકે વસવાટ કરતા નાગરિકોનો મોટી સંખ્યામાં સમાવેશ થાય છે. તેવા ગ્રાહકોને આ માસ દરમ્યાન તેમણે મેળવેલ ગેસ રીફીલની બોટલ નિયમિત કરતા સાવ ત્રીજા કે ચોથા ભાગના ગેસના જથ્થા સાથે મળી હોવાનો અનુભવ થવા પામ્યો છે. ખાસ કરીને મધ્યમ વર્ગીય પરિવારોના આ ગ્રાહકોમાં આ માસ દરમ્યાન ફરિયાદો જોવા મળી છે જેમાં તેમનો ગેસનો બાટલો ૨૫ થી ૨૮ દિવસ ચાલતો હતો તે આ વખતે માત્ર ૭ થી ૧૦ દિવસમાં જ પુરો થઈ ગયો જેની ફરિયાદ વિતરકને કરતા વિતરકો 'તમારે ડિલીવરી સમયે વજન કરીને જ બાટલો લેવાનો, ડિલીવરી વાનમાં વજનકાંટો સાથે હોય જ છે' તેવા જવાબ આપવામાં આવતા સામસામી ચડભડના કિસ્સા પણ સર્જાવા પામ્યા છે અને ગ્રાહકોને નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. આ સમસ્યા પાછળ રાંધણગેસની ચોરીનું કારસ્તાન ચાલી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે જે બાબતે પુરવઠા વિભાગ સહિત સંલગ્નતંત્રએ પગલાં લેવાની જરૂર જણાઈ રહી છે.



બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક, સેકટર-૭-ડી દ્વારા સતર્કતા જાગૃતિ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. 'સતર્ક ભારત સમૃદ્ધ ભારત'ની થીમ સાથે ચૌદરી સ્કુલ સ્ટાફ તથા બેંક સ્ટાફ દ્વારા સત્યનિષ્ઠાની પ્રતિજ્ઞા બેન્ક મેનેજર પ્રદિપ સોલંકીએ લેવડાવી હતી.

# આરોપીના જામીનદાર શખ્સે ખોટા દસ્તાવેજ રજુ કરતા ફરીયાદ

ગાંધીનગર,તા.૨૮

ગાંધીનગર કોર્ટમાં ચાલી રહેલા ૪૯૮ ના કેસમાં આરોપીના જામીનદાર તરીકે આવેલા વ્યકિતએ બોગસ દસ્તાવેજ રજુ કરતા પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ગાંધીનગર ચીફ જ્યુડીશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના ડેપ્યુટી રજીસ્ટ્રાર એમ.ડી.બ્રહ્મભટ્ટે આ અંગે લેખિત ફરીયાદ સેકટર-૭ પોલીસ મથકે કરી છે. જે મુજબ ૪૯૮ ના કેસમાં આરોપીના જામીનદાર તરીકે મહેસાણાના સાહરભાઈ લેબાભાઈ દેસાઈ (ઉંડી ફળી ઠાકોર વાસ) આવ્યા હતા. જેથી અમોએ જામીનદારના એફીડેવીટ જુનિયર કલાર્ક ને અને ત્યારબાદ જજ સમક્ષ રજુ કરી હતી. જામીન માટે જામીનદારે રજુ કરેલો દારપણાનો દાખલો શંકાસ્પદ લાગતા કોર્ટના સ્ટાફ દ્વારા બેચરાજી મામલતદાર ઓફિસ ખાતે સંપર્ક કરતા દાખલો તેમની કચેરીમાંથી ઈશ્યુ થયો ન હોવાનું જાણવા મળ્યું હતું. જેને અનુલક્ષી કોર્ટ દ્વારા બેચરાજી મામલતદાર અને રાંતેજ તલાટીકમ મંત્રી ને ઈમેલ દ્વારા જાણ કરવામાં આવી હતી. જેના જવાબમાં પણ બંને તરફથી દાખલો ઈશ્યુ થયો ન હોવાની વાત સામે આવી હતી. જેને પગલે આ અંગે પ્રિસાઈડીંગ ઓફિસર ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ દ્વારા આ બાબતે ફરીયાદ દાકળ કરવા હુકમ કર્યો હતો. જેથી આરોપી સામે કોર્ટમાં ખોટા દસ્તાવેજોના આધારે છેતરપિંડી કરવા અને સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.જેથી પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે અને આરોપીએ ખોટો દસ્તાવેજ કઈ રીતે તૈયાર કર્યો તે દિશામાં આગળની કાર્યવાહી શરુ કરી છે.

# ચાંદખેડા ગામે આસો સુદ ચૌદશે યોજાતા ગરબા મોકુફ

દેશભરમાં નોવેલ કોરોના વાઈરસની મહામારીને લીધે ચાંદખેડા ગામમાં આસો સુદ ચૌદશ તા. ૩૦-૧૦-૨૦૨૦ને શુક્રવારના રોજ કાગળ અને ફૂલોના ગરબા તેમજ લોકમેળો નહીં યોજવા શ્રી બ્રહ્માણી માઈ મંડળ, ચાંદખેડા ગામ સમસ્તે નિર્ણય કર્યો છે. ચાંદખેડા ગામે આસો સુદ ચૌદશના રોજ બ્રહ્માણી માતાજીના કાગળ અને ફૂલોના ગરબા યોજવાની અનોખી પરંપરા છે. ચૌદશની રાત્રે ગરબા યોજવાની આ પરંપરા એક હજાર વર્ષ જૂની હોવાનું ગ્રામજનોનું કહેવું છે. આ ગરબામાં ભવાઈ, કલાકારો, નાયકોની ખાસ ઉપસ્થિતિમાં યોજાય છે. ચૌદશનો દિવસ એટલે ચાંદખેડાના ગ્રામજનો માટે દિવાળી જેવો માહોલ હોય છે. પરંતુ આ વર્ષે કોરોના વાઈરસની મહામારીને લીધે તા. ૩૦-૧૦-૨૦૨૦ શુક્રવારના દિવસે ગરબા તેમજ લોકમેળો નહીં યોજવાનો શ્રી બ્રહ્માણી માઈ મંડળ, ચાંદખેડા ગામ સમસ્તે નિર્ણય કર્યો છે.

# ચરાડા ગામમાંથી આઈપીએલ મેચ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકા વિસ્તારમાં એલસીબી ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચરાડા ગામમાંથી આઈપીએલ ક્રિકેટ મેચ મોબાઈલ એપ્લીકેશન થી સટ્ટો રમતા યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે યુવક પાસેથી રોકડા રૂ.૧૦,૨૨૦ તેમજ મોબાઈલ ફોન કિં.૧૨ હજાર મળી કુલ રૂ.૨૨,૨૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમા હતો તે સમયે હે.કો અનુપસિંહ તેમજ પો.કો.જીગ્નેશકુમારને સટ્ટા અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ પાડતાચરાડા ગામે સહરાકીરમંડળી પાસે આવેલી મોબાઈલ રીપેરીંગની દુકાન આગળથી એક યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે યુવકનું નામ પુછતા તે ચરાડા ગામમાં આવેલ ગાયત્રીનગર પરા વિસ્તારમાં રહેતો મિતેશ શૈલેષભાઈ પટેલ હોવાનું ધ્યાને આવ્યું હતું. યુવકનો ફોન ચેક કરતા તે હૈદરાબાદ અને દિલ્હી વચ્ચે ચાલી રહેલી મેચ પર ક્રિકેટના સોદા પાડતો હતો. પોલીસે યુવકની પુછતાછ કરતા તે અમદાવાદ હીરાવાડીના ડોકટર રવિ નામના શખ્સ સાથે મળી સટ્ટા રમાડતો હતો. આઈપીએલ મેચના પ્રારંભથી તેને રોજ વિવિધ યુઝર આઈડી મળતા હતા.જે તે ગ્રાહકોને આપતો હતો.હારજીતના પૈસા તે ડોકટર રવિની જણાવેલી જગ્યાએ પહોંચાડતો હતો. જેથી એલસીબીએ આરોપી પાસેથી ૧૨ હજારનોફોન અને રોકડ ૧૦,૨૨૦મળી કુલ ૨૨,૨૨૦ નો મુદ્દામાલ જપ્ત કર્યોહતો. એલસીબી પોલીસે બંન્નેઆરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાત સરકાર

**નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

ઓનલાઈન જાહેર નિવિદા નં.૨૦ સને ૨૦૨૦-૨૧

કામની વિગત : ગુહાઈ જળાશય યોજનાની મુખ્ય નહેર, ડીપઆર, ડીસ્ટ્રી. તથા ટેન્ક બેડમાં વર્ષ ૨૦૨૦-૨૧ની રવી સીઝન તથા ઉનાળુ સીઝનમાં સિંચાઈના મેનેજમેન્ટની કામગીરી બાબત રૂ. ૮.૦૭ લાખ

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૧૧-૧૧-૨૦૨૦, ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો કચેરીમાં મોકલવાની તારીખ અને સમય (માત્ર રજીસ્ટર સ્પીડ પોસ્ટ/રજી. પોસ્ટ) | તા. ૧૧-૧૧-૨૦૨૦થી ૧૯-૧૧-૨૦૨૦ ૧૬.૦૦ કલાક સુધી |
| ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | તા. ૨૦-૧૧-૨૦૨૦, ૧૨.૦૦ કલાક |

કચેરીનું સરનામું : કાર્યપાલક ઈજનેરશ્રી યોજના બાંધકામ વિ.નં.૩, દુર્ગા સાઈટ સિંચાઈ ભવન, હિંમતનગર, પીનકોડ ૩૮૩૦૦૧. ટે.નં. ૦૨૭૭૨-૨૪૫૦૫૬

વધુ જાણકારી માટે ઉપરોક્ત કચેરી તથા વેબસાઈટ www.statetenders.com તથા www.nwr.nprocure.comનો સંપર્ક કરવા વિનંતી છે.

નામાનિ/હિંમત/૩૨૨/૨૦૨૦